
# મહત્વની બાઈબલની ઘટનાઓનો સર્વે

મહત્વની ઘટનાઓ અને સમયોને ચિન્હો દ્વારા યાદ કરીને બાઈબલના ઈતિહાસને જોઈએ.




૧. સૂર્ય ચંદ્ર અને તારાઓનું ચિત્ર-ઉતપત્તિ-૧-૨ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા. દરેક બાબત સારી હતી. આદિ માતાપિતા આદમ અને હવા દેવની સુખદ સંગત માણતા હતા.




૨. આરંભનુ પાપ-ઉત૩ સાપના શરીરમાં આવીને શેતાને આદમ અને હવાને લલચાવ્યા. તેઓએ પાપ કર્યુ અને પૃથ્વી ઉપર શ્રાપ આવ્યો.




૩. નુહના વહાણનું ચિત્ર-જળપ્રલય- ઉત.૬-૯ માણસની ભૂંડાઈ એએટલી વધી ગઈ કે દેવે તે વખતના જગતનો પાણીથી નાશ કર્યો પણ નૂહઅને તેના કુટુંબને મોટા વહાણ મારફતે બચાવ્યા.




૪. બાબેલનો બુરજ-ઉત.૧૧ માણસોની વસ્તી વધી અને ઘમંડથી આકાશ સુધી પહોંચવા માટે બુરજ બાંધ્યો. દેવે તેમને અસંખ્ય ભાષાઓથી ગુંચવી નાખ્યા અને ઘણા દેશો ઊભા થયા.




૫. મિલાવેલા હાથનું ચિત્ર- ઈબ્રાહીમ સાથે દેવનો કરાર ઉત.૧૨ અને ૧૫. ઈબ્રાહીમે દેવની પ્રતિજ્ઞા પર વિશ્વાસ કર્યો કે તે તેના સંતાન દ્વારા પૃથ્વી ને આશિર્વાદ આપશે.



૬. મિસરમા ગુલામ નિર્ગ-૧-૧૮ ઈબ્રાહીમના વંશજો પિરામીડની કબરોના દેશમાં ગયા. ત્યાં તેઓની પુષ્કળ વૃધ્ધિ થઈ અને તેમને કારમી ગુલામગીરીમાં જવું પડ્યું.



૭. પાસ્ખાના હલવાનનું રક્ત- નિર્ગ-૧૨-૧૫ દેવ તરફના અનર્થોએ ફારૂનને ગુલામોને છોડી દેવા ફરજ પાડી. અનર્થકારી દૂતે લાહી છાંટવા સિવાયની બારસાખોવાળા પ્રત્યેક ઘરના પ્રથમજનીતોનો સંહાર કર્યો.



૮. ઈસ્ત્રાએલનો નિયમ નિર્ગ. ૧૮-૨૦ સિનાઈ પર્વત પર દેવે મુસાને દસ આજ્ઞાઓ શિલાપાટો ઉપર આપી. ઈસ્ત્રાએલે એ આજ્ઞાઓનો ભંગ કર્યો. તેઓ ચાળીસ વર્ષ અરણ્યમાં ભટકતા ફર્યા.




૯. ઈસ્ત્રાએલ દેશની જીત -યહોશુઆનું પુસ્તક દેવે ઈબ્રાહીમના વંશજો ઈસ્ત્રાએલીઓને આપેલા વચનના દેશ કનાનને યહોશુઆ ઈસ્ત્રાએલના સૈન્ય વડે જીતી લે છે.


૧૦. ન્યાયધીશોનો અમલ-ન્યાયાધીશોનું પુસ્તક જ્યારે ઈસ્ત્રાએલીઓએ આજ્ઞા તોડી ત્યારે દેવે તેમની ઉપર વિદેશીઓ મારફતે જુલમ કરાવ્યો. પણ જ્યારે તેઓએ પસ્તાવો કર્યો અને દેવને આધિન થયા ત્યારે તેણે ન્યાયાધિશો (નિયમપાલક શૂરવીર યોધ્ધા) મોકલીને તેમને છોડાવ્યા.



૧૧. રાજાઓનો યુગ- ૧-૨ શમૂ. શરૂઆતના રાજાઓ શાઉલ, દાઉદ અને સુલેમાન હતા. તેઓએ ઈસ્ત્રાએલના શત્રુઓને હરાવ્યા અને સમૃધ્ધિ લાવ્યા. દેવે દાઉદને વચન આપ્યું કે તેનો એક સંતાન સદાકાળ રાજ કરશે.



૧૨. સુલેમાન રાજાનું મંદિર ૧ રાજા. દેવે પોતની હાજરી બતાવીને આ મંદિરને આશીર્વાદ આપ્યો. લોકોના પાપના નિવારણ માટે યાજકોએ પશુઓ ના બલિદાનનું રક્ત રજુ કર્યુ.



૧૩. વિભાજીત રાજ્ય-રા. ૧૨. ઈસ્ત્રાએલના ૧૨ કુળો વચ્ચે અંટસ પડી. તેમાંના દસ કુળે ઉત્તરનું ઈસ્ત્રાએલનું રાજ્ય બનાવ્યું. બાકીના બે કૂળે દક્ષિણે યહુદાહનું રાજ્ય બનાવ્યું. બંને મૂર્તિપૂજા વડે નબળા પડી ગયા.






૧૪. બંદિવાસ- ૨રા.૨૫. દેવે લોકોને ચેતવવા પ્રબોધકો મોકલ્યા પણ તેઓએ બંડ કર્યુ. માટે દેવે વિદેશીઓ તેમને બંદિ બનાવે તેવું થવા દીધું.

૧૫. પુનઃ બાંધકામ. એઝરાનું પુસ્તક-

લોકોએ પશ્ચાતાપ કર્યો અને દેવ તેમને દેશમાં પાછા લાવ્યો. તેઓએ યરૂશાલેમની દિવાલ ફરી બાંધી. આ અરસામાં માલાખીએ જૂના કરારનું છેલ્લું પુસ્તક લખ્યું.




૧૬. વિદેશી સત્તાઓનો અમલ-પછીની સદીઓમાં ઈરાન, ગ્રીસ, સિરિયા અને રોમની સત્તાઓએ ઈસ્ત્રાએલીઓને પોતાના શક્તિશાળી તાબામાં રાખ્યા અને ભારે ખંડણી ભરવાની ફરજ પાડી. આ અરસામાં કોઈ બાઈબલના પુસ્તકનું નિર્માણ ન થયું.



૧૭. ઈસુનો જન્મ અને જીવન- લુક. ઈસુ ભૂતો, પાપ અને માંદગીઓની ઉપરવટનું પરાક્રમ બતાવે છે. તે તેના શિષ્યોને માણસરૂપી માછલીઓના પકડનાર બનાવે છે. તેણે આત્મિક રાજ્ય સ્થાપ્યું અને રોમના સાંસારિક રાજ્યને ચાલુ રહેવા દીધું.




૧૮. વધસ્તંભનું મરણ- લુ.૨૩ ધાર્મિક આગેવાનોએ દુર્ભાષણના આરોપસર ઈસુની ધકપકડ કરી કારણકે તેણે દેવનો દીકરો હોવાનો દાવો કર્યો હતો. રૂમી સૈનિકોએ તેને મારી નાંખ્યો. તે આપણા પાપોને માટે મરણ પામ્યો અને તેને દાટવામાં આવ્યો.



૧૯. પુનરૂત્થાન-લુ.૨૪ પ્રભુ ઈસુ ત્રીજે દિવસે મરણમાંથી સજીવન થયા. જે કોઈ તેના પર વિશ્વાસ કરે તે દરેકને સજીવન કરવાનું તેણે વચન આપ્યું છે. તેણે નવા કરારના યુગની શરૂઆત કરી છે.




૨૦. પવિત્ર આત્માનું ઉતરવું- પ્રે.૨ પ્રભુ ઈસુ પવિત્ર આત્મા મોકલી આપવા માટે આકાશમાં ચઢી ગયા. જે વિશ્વાસીઓ પર પચાસમાના દિવસે પવિત્ર આત્મા ઉતર્યો તેમણે અગ્નિની જીભો પોતા પર ઉતરતી જોઈ.



૨૧. વિશ્વાસનો ફેલાવો- પ્રે.કૃ. પવિત્રઆત્માથી ભરપૂર થઈને વિશ્વાસીઓએ સુવાર્તાનો ફેલાવો કર્યો. ભોંયમાંનુ બી જેમ અનેકગણું થાય છે તે પ્રમાણે ઈસુના કહ્યા મુજબ વૃધ્ધિ થઈ. યોહાને આ અરસામાં બાયબલનું છેલ્લું પુસ્તક લખ્યું. ઘણાં વિશ્વાસીઓએ શહિદી વહોરી.


**બાઈબલના પુસ્તકો પૂર્ણ થયા પછીના ઐતિહાસિક બનાવો.**



૨૨. મંડળી અને રોમન રાજયનું એકીકરણ (ઈ.સ. ૩૧૧) રોમન સમ્રાટ કોન્સ્ટન્ટાઈને ખ્રિસ્તી ધર્મને કાયદેસર માન્યતા આપી. પારકા વિદેશીઓ સાચા વિશ્વાસ વગર મંડળીમાં ભરતી થયા.



૨૩. ખ્રિસ્તી જાહેરનામાઓ-જૂઠા શિક્ષણનો સામનો કરવા માટે વિશ્વાસીઓએ ભેગા મળીની ખ્રિસ્તી માન્યતાઓ બાબતના પોતાના જાહેરનામા બહાર પાડ્યા. પ્રેરિતોનું વિશ્વાસનામું સુવાર્તાનો પાયો છે. નિકૈયાના વિશ્વાસનામામાં બાપ,પુત્ર અને પવિત્રઆત્માના ત્રિએક દેવના સિધ્ધાંતને પ્રમાણભૂત માન્યતા અપાઈ છે.



૨૪. રોમન સમ્રાજ્યની પડતી (૬ઠી અને ૭મી સદી) ભ્રષ્ટાચાર, કુસંપ અને ગેરવહીવટે રોમન સત્તાને અંદરથી જ તોડી નાખી. તેની તાકાત ખલાસ થઈ ગઈ અને સામ્રાજ્યનો અંત આવ્યો.



૨૫. રોમન બીશપનો ઉદય- ચર્ચ ઓફ રોમે વિશ્વના બધા ચર્ચો ઉપર કાયદેસર સત્તાનો દાવો કર્યો અને રોમન કેથોલિક ચર્ચ બનાવ્યું. પૂર્વના રૂઢિચુસ્ત (ઓર્થોડોક્ષ) ચર્ચોએ આ અકુંશોનો વિરોધ કર્યો.




૨૬. અંધકારયુગ (ઈ.સ. ૬૦૦ થી ૧૦૦૦) શિક્ષણનું સ્તર નીચુ ગયું. લોકો અશિક્ષણને કારણે દેવનું વચન વાંચી શક્યા નહીં અને તેમના આગેવાનોએ તારણ કરણીઓથી છે તેવું શીખવ્યું. યુરોપમાં મઠોને બાદ કરતાં ખ્રિસ્તી જીવનનું ધોરણ ઠંડું થઈ ગયું. પણ એશિયામાં આ માર્ગ પ્રસર્યો.




૨૭. ઈસ્લામ સામે ક્રૂઝેડો- યુરોપના લશ્કરોએ મુસ્લીમ આક્રમણખોરો પાસેથી પવિત્ર ભૂમિ અને બીજા પ્રદેશો પાછા જીતી લેવાનો પ્રયત્ન કર્યો.



૨૮. પ્રોટેસ્ટંટ સુધારણા- (૧૫૦૦) માર્ટીન લુથર અને બીજાઓએ બાઈબલનું સ્થાનિક ભાષાઓમાં ભાષાતંર કર્યુ. તારણ વિશ્વાસથી છે તે સમજાવ્યું અને રોમન કેથોલિક પોપનો વિરોધ કર્યો.



૨૯. સુવાર્તિક જાગૃતિ(૧૬૦૦-૧૯૦૦) ઉપદેશકોએ લોકોને તારણપામવા બોજથી પ્રચાર કર્યો. પ્રભુ ઈસુનો હૃદયમાં અંગીકાર કરવા અને પવિત્ર આત્મા તેમનું જીવન બદલે તેવો ઉપદેશ કર્યો.



૩૦. વિશ્વાસનો જબરજસ્ત વિશ્વવ્યાપી ફેલાવો (૧૯૦૦ થી આજ સુધી) મિશનેરીઓ ખ્રિસ્તી વિશ્વાસને દુનિયાના દરેક ભાગમાં લઈ ગયા છે.



૩૧. ઈસુનું પુનરાગમન (ભવિ.વાણી) લુક-૨૧ પ્રકટીકરણ. સ્વર્ગીય રણશિંગડુ વાગશે. ઈસુ બંડખોરોને શિક્ષા કરવા પૃથ્વી પર દુઃખકારક અનર્થો મોકલશે. શેતાનનો નાશ કરશે. મૂએલાને સજીવન કરશે- કેટલાકને અનંતજીવનને માટે બાકીનાઓને ન્યાયને માટે.

## ઉપરોક્ત ઘટનાઓ મુખપાઠ કરવી

ઉપરના ચિત્રો અને ઘટનાઓને મખપાઠ કરો. એક ઘટના પછી બીજી કઈ રીતે આવે છે તે મુખપાઠ થાય ત્યાં સુધી વાંચ્યા કરો. આખું બાઈબલ એક વાર્તા જેવું લાગશે. ઈતિહાસનું આ સંક્ષેપીકરણ તમે જેમને શીખવો છો તેમને પણ સમજાવો.

મહત્વ ભરેલી નીચેની ઘટનાઓ મોઢે થઈ જા તેની પર ટીક કરતા જાવ.

| | | | |
|---|---|---|---|
| ૧. સૂર્ય તારા | ૮. શિલાપાટો | ૧૫. ખંડેર શહેર | ૨૨. બાઈબલ, તલવાર |
| ૨. સાપ | ૯. તલવાર | ૧૬. કોરડો | ૨૩. ઓળિયું પેન |
| ૩. મોટું વહાણ | ૧૦.ઓળિયુ, તલવાર | ૧૭. માછલી | ૨૪. તૂટેલી તલવાર |
| ૪. બુરજ | ૧૧. મુગટ | ૧૮. વધસ્તંભ | ૨૫. બીશપની હેટ |
| ૫. હસ્તમેળાપ | ૧૨. દિવાલ | ૧૯. ખાલીકબર | ૨૬. બંધ મીણબત્તી |
| ૬. પિરામીડ | ૧૩. બેડીઓ | ૨૦. જવાળા | ૨૭. લડવૈયા ઘોડેસ્વાર |
| ૭. બારસાખ, લોહી | ૧૪. ચિરાયેલો મુગટ | ૨૧. બી | ૨૮. ખુલ્લું બાઈબલ |
| | | | ૨૯. ઈસુ હૃદયમાં |
| | | | ૩૦. પૃથ્વીનો ગોળો |
| | | | ૩૧. તુરહી |

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net